

મનપાવાળા રોજ એક સૅક્ટરની સંપૂર્ણ સફાઈ કરવાના છે ! તને માનવામાં આવે છે ...?

# આજે દશગામ લેઉવા પાટીદાર સમૂહ લગ્ન સંસ્થાનની વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧

દશગામ લેઉવા પાટીદાર સમુહ લગ્ન સંસ્થાનની તા. ૨જી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે કાયમી ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ, સભાસદોની વાર્ષિક સામાન્ય સભા મળશે.

દશગામ લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળ સમાજનું છાત્રાલય, આઈ.ટી.આઈ.ની પાછળ સેકટર-૧૫ ગાંધીનગરમાં મળશે.

પશાભાઈ પટેલ, પ્રમુખ પ્રકાશ બી. પટેલ, મંત્રી દશગામ લેઉવા પાટીદાર સમુહલગ્ન સંસ્થાને જણાવેલ છે.

# જાયન્ટસ ગૃપ દ્વરા ત્રીજીએ બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરે બાપુ ગુજરાત નોલેજ વિલેજ વાસન ખાતે તા. ૩જી સપ્ટેમ્બરે સવારે સ્વૈચ્છિક રકતદાન કૅમ્પનું આયોજન કરેલ છે.

ગાંધીનગર માણસા માર્ગ પર આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ વાસન ખાતે કોલેજના વિદ્યાર્થીઓને બ્લડ ડૉનેશન કૅમ્પમાં સ્વૈચ્છિક રકતદાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ છે. આચાર્યશ્રી વિ.એમ પટેલે રકતદાન કેમ્પ માટે ખૂબ રસ દાખવેલ છે.

અમદાવાદ સીવીલમાં આવેલ એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાંના ડૉકટર તથા કર્મચારીઓ રકત લેશે. જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખ સાંકાભાઈ પટેલે અખબારી યાદીમાં જણાવેલ છે.

# સ્વામી યોગાનંદ હાઈસ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧

સ્વામી યોગાનંદ હાઈસ્કુલમાં આપણી માતૃભાષા ગુજરાતી છે. અને તેનું ગૌરવ થાય તે હેતુથી વિવિધ વિષયો પર ગુજરાતી વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓએ આગવી શૈલીમાં છટા પૂર્વક રજૂઆત કરી હતી. શ્રીમાળી અશ્વીની પ્રથમ, અંસારી શબાના દ્વિતીયસ માવર આકશ અને પ્રજાપતિ વિધિ તૃતીય નંબરે વિજેતા બનેલ હતા.

વિજેતાઓને શાળાના આચાર્યએ અભિનંદન આપ્યા હતા. નિર્ણાયક ડી.જી. પંડ્યા, એ.પી. પટેલે કામગીરી બજાવી હતી. ભરત જાદવે સંચાલન કર્યું હતું. ગોવિંદભાઈ સહિતા આચાર્યશ્રીએ માર્ગદર્શન આપેલ હતું.

# જીટીયુની વેબસાઈટ હેંગ થતા સત્તાવાળાઓમાં દોડધામ

અમદાવાદ, તા.૧

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ)ની વેબસાઈટ કોઈકે ડોમેન કરી ડીલીટ કરતા તેની વેબસાઈટ હેંગ થઈ જતા સત્તાવાળાઓમાં દોડધામ થઈ ગઈ હતી. આ અંગે સત્તાવાર તપાસ હાથ ધરાઈ છે. પરંતુ હજી સુધી કોઈ સજ્જડ પૂરાવા મળ્યા નથી. જીટીયુની વેબસાઈટ હેંગ કેવી રીતે થઈ તે અંગે જીટીયુના સત્તાવાળાઓને પૂછતા તેમણે કાંઈ કહેવા ઈન્કાર કર્યો હતો. સત્તાવાળાઓએ આ અંગે તપાસ હાથધરી નિષ્ણાતોનો અભિપ્રાય પણ લીધો છે. બીજીબાજુ વેબસાઈટ હેંગ થઈ જતા વિદ્યાર્થીઓ પરેશાન થઈ ગયા હતા. વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા સહિતની કાર્યવાહી જાણવા માટે ભારે

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા બાળકોને નોટ-ચોપડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં રામપુરા ભોયણ પ્રાથમિક શાળાના બાળકોને વિના મુલ્યે ચોપડા, નોટો, પેન, પેન્સિલનું વિતરણ કર્યું હતું.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત દ્વારા વૃક્ષનું મહત્વ સમજાવ્યું હતું. વર્ષ દરમિયાન વૃક્ષ કેટલો ઓકીસીજન આપે છે અને એક નોટ તૈયાર કરવામાં કેટલા ઝાડ વપરાય છે વગેરે જેવી માહિતી આપી હતી. અંજના નિમાવત દ્વારા વિના મુલ્યે આપવામાં આવેલા ચોપડાનું મહત્વ સમજાવ્યું હતું અને પર્યાવરણ જાળવણી અંગે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય કુસુમબેન પટેલ, ભાવનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પીજી કોર્સની ફી વધારાના પ્રશ્ને તબીબી વિદ્યાર્થીઓ હડતાલ પર

અમદાવાદ, તા.૧

એન.એચ.એલ. મેડિકલ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની ફીમાં ૧૦૦ ટકા વધારો કરવા સામે આજે પી જી ફસ્ટ યરના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ હડતાળ પર ઉતરી ગયા હતા. જો કે મેયર અને કમિશનરે વર્ષ ૨૦૧૨-૧૩ની બેચ માટે જુની ફી ચાલુ રાખવાની જાહેરાત કરી હોવા છતાં વિદ્યાર્થીઓએ રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી હડતાળ ચાલુ રાખી હોવાનું જાણવા મળે છે. મેયર અસીત વોરાએ આજે જણાવ્યું હતું કે, એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડિકલ કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રવેશ મેળવનાર ફર્સ્ટ યર રેસીડેન્ટ ડોક્ટર્સ દ્વારા હાઈકોર્ટ દ્વારા નિમવામાં આવેલી ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલી પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની ફી વાર્ષિક રૂપિયા ૪.૦૦ લાખ લેવામાં આવનાર છે કે હાલમાં ચાલુ જૂની રૂપિયા ૨.૦૦ લાખ મુજબની ફી લેવામાં આવનાર છે. તે બાબતે તા. ૩૧.૮.૧૨ના રોજ મેયરને રજૂઆત કરવામાં આવી હતી. તેઓના આવેદન અંગે મેયર દ્વારા નિર્ણય અંગે તેઓને એક દિવસ માટે રાહ જોવા માટે જણાવ્યું હતું. ડોક્ટર્સને મેયર તથા મ્યુનિસિપલ કમિશનર દ્વારા આજે બપોરે ૪.૦૦ વાગે મુલાકાત અને રજૂઆત માટે બોલાવવામાં આવ્યા હતા. આ મુલાકાત સમયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રણાલી મુજબ ટર્મની અધવચ્ચે ફી વધારો નહીં કરતા તેઓના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની જૂની ફી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની બેચ માટે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

# સૅક્ટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧

સૅક્ટર-૮ ખાતે કાર્યરત સરકારી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં તમામ ધોરણના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંગીત ખુરશી, લોટ ફૂંક, ભૂખ્યાં પક્ષી, કોથળા દોડ અને લીંબુ ચમચી જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે સંગીત ખુરશીની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં રમેશ ભરવાડ, હર્ષદ દંતાણી અને વિશાલ ઠાકોર વિજયી બન્યા હતા.

લોટ ફૂંક સ્પર્ધામાં પુજા ભરવાડ, રમેશ ભરવાડ તથા આનંદ દંતાણી વિજેતા બન્યા હતા. ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ભૂખ્યાં પક્ષી નામક સ્પર્ધા યોજાઈ હતી, જેમાં આરતી ભરવાડ, કૌશિક હરિજન તથા ભરત ભાલોડિયા વિજેતા બન્યા હતા. કોથળા દોડ સ્પર્ધામાં રીના કનોજિયા, સંદિપ ઠાકોર તથા સુનિતા રાવળ અને લીંબુ ચમચી સ્પર્ધામાં સુનિતા રાવળ, હિતેશ વાઘેલા અને આરતી ભરવાડ વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને દેવાંશુભાઈ, શંકરભાઈ અને ખુશાલીબેનના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સૌ સ્પર્ધક બાળકોને શુદ્ધ ઘીની સ્વાદિષ્ટ સુખડીથી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે પ્રોફેસર આદેશપાલે પદ ગ્રહણ કર્યું



## બપોરે દોઢ કલાકે પદ ગ્રહણ કર્યુ : અંગ્રેજી વિષય સાથે પીએચડીની લાયકાત ધરાવે છે

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે પાટણ યુનિવર્સિટીના પ્રોફેસર આદેશપાલની ગઈકાલે નિમણૂંક કર્યા બાદ આજે તેમણે પોતાનું પદ ગ્રહણ કરી યુનિવર્સીટીના પદાધિકારી અને કર્મચારીઓને મળ્યા હતા. રાજ્ય સરકારે સર્ચકમિટીએ રજૂ કરેલા ત્રણ નામોની રજૂઆત કર્યા બાદ ગઈકાલે મોડી રાત્રે આદેશપાલના નામ પર પસંદગી ઉતારી હતી. પ્રોફેસર આદેશપાલ પાટણ યુનિવર્સિટીના અંગ્રેજી વિષયના હેડ છે.

તેમણે એમએએમફીલ ઉપરાંત અંગ્રેજી વિષય સાથે પીએચડી કર્યું છે. તેમણે વર્ષ ૧૯૯૪થી પાટણ યુનિવર્સિટી જોઈન્ટ કરી છે. તેમની પાટણ યુનિવર્સિટીના સીન્ડીકેટ સભ્ય તરીકે પણ નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત યુજીસી ડાયસ પૂરા સેન્ટરના ડાયરેકટર તરીકે પણ ફરજ બજાવે છે. આજે બપોરે દોઢ વાગે વર્તમાન કાર્યકારી કુલપતિ ડો.મુકુલ શાહે વિધિવત નવનિયુકત કુલપતિને વિધિવત પદ સોંપ્યુ હતું ત્યારબાદ પૂર્વ સીન્ડીકેટ સભ્યો પણ મળવા આવ્યા હતા. જોકે પ્રોફેસર આદેશપાલ મૂળ નાગપૂરા હોવાથી ભાજપમાં અંસતોષની લાગણી ફેલાઈ ગઈ છે.

# ગાંધીનગર જિલ્લાના શિક્ષકો માટેનો વર્કશોપ તપોવન સંસ્કારપીઠમાં યોજાયો

ગાંધીનગર, તા.૧

સત્ય શોધક સભા, સુરત અને એન.એસ.સી. દિલ્હીના ઉપક્રમે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૧૨-૨૦૧૩ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના શિક્ષકો માટેનો વર્કશોપ તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમિયાપુર ખાતે યોજાયો હતો.

બાલ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોને તૈયાર કરવા માટે શિક્ષક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં તપોવન સંસ્કાર પીઠ સંસ્થાના કુલપતિ લીલતભાઈ ધામી, મેનેજીંગ ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ શાહ, આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલ, નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ તથા વિવિધ શાળાના આચાર્ય તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને ઊર્જાને અનુલક્ષીને તેનું સંશોધન, સંનિયંત્રણ અને સંરક્ષણ વિષય પર લઘુશોધ નિબંધ રજૂ કરવા માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈએ નિધુર્મ ચૂલાના શ્રેષ્ઠ ઉદાહરણ તથા બીજા અનેક વ્યવહારુ ઉદાહરણો લઈને પ્રોજેકટની સંપૂર્ણ વિગતો રજૂ કરી શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

જિલ્લા કો. ઓર્ડિનેટર વિમલભાઈ સુથારે વર્કશોપમાં માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તપોવન વિદ્યાલયના શિક્ષક વિનોદભાઈ વ્યાસે કર્યું હતું.

## રવિવારની રમૂજ

પપ્પા ઘોડાગાડીમાં ચઢવા જતા હતા ત્યાં જ ઘોડાએ પેશાબ કરી રસ્તો ભીનો કરી દીધો.

પુત્ર બોલ્યો, 'પપ્પા હવે રહેવા દો, ટાંકીમાંથી બધું જ પેટ્રોલ નીકળી ગયું છે.'

★ ★ ★ ★ ★

મારે હપ્તેથી સાયકલ ખરીદવી છે, આપશો ?

હા, બોલો પહેલાં હેન્ડલ લઈ જશો કે પૅડલ ?

★ ★ ★ ★ ★

પપ્પા : સાંભળો, ઘરનું બજેટ ડામાડોળ થઈ ગયું છે, જે કોઈ મને કરકસરનો ઉપાય બતાવશે તેને હું સો રૂપિયા ઈનામ આપીશ.

પુત્ર : પપ્પા, મારી પાસે કરકસર કરવાનો સરસ ઉપાય છે.

પપ્પા : શાબાશ, બોલ કયો ઉપાય છે ?

પુત્ર : ઈનામની રકમ પચાસ રૂપિયા કરી દો.

★ ★ ★ ★ ★

બે ડ્રાઈવરો મ્યુઝિયમમાં ગયા.

ગાંધીજીના ચિત્ર નીચે ૧૮૯૭ - ૧૯૪૮ લખેલું હતું.

એક બોલ્યો - 'આ શાનો નંબર હશે?'

બીજાએ કહ્યું, 'કદાચ જે ગાડી નીચે આવી ગયો હશે તેનો નંબર લાગે છે.'

★ ★ ★ ★ ★

અભણ છગનને જેલમાં જેલરે વાંચતા લખતાં શીખવાડી દીધું. આજે પણ છગન ફરી વખત જેલમાં છે. ચૅકનાં બનાવટી સહી કરવા બદલ.

★ ★ ★ ★ ★

ટ્રેનમાં સરદારજી બાથરૂમ સુધી જાય અને પાછા આવે. આવું ત્રણ-ચાર વખત બન્યું. કોઈકે પૂછ્યું. 'સરદારજી, કંઈ ચેન નથી લાગતું?'

સરદારજી બોલ્યા, 'ચેન તો છે પણ ખુલતી નથી.'

★ ★ ★ ★ ★

શિક્ષક : 'દુનિયાનું સૌથી ઝડપી પ્રાણી કયું?'

મનિયો : 'ચિત્તો, અને માણસ પણ. જો ચિત્તો એની પાછળ પડ્યો હોય તો.'

★ ★ ★ ★ ★

એક કવિ, કવિ સંમેલનમાં ઊભા થઈ બોલવા ગયા ત્યાં એમના મોઢામાં ગોઠવેલું ચોકઠું બહાર નીકળી ગયું. કવિએ ઝડપથી ચોકઠું મોઢામાં ગોઠવી દીધું. ફરીથી બોલવા ગયા ત્યાં ફરીથી ચોકઠું બહાર. આમ વારંવાર બન્યું.

એક શ્રોતા બોલ્યો : 'કવિરાજ, કંઈ સંભળાવશો કે બસ, આજ જ કૅસેટ બદલ્યાં કરશો?'

★ ★ ★ ★ ★

નૅપોલીયન જયારે રણમોરચે લડવા જતો ત્યારે લાલ રંગના કપડાં પહેરીને જતો. જેથી તે ઘવાય અને લોહી નીકળે તો પણ દુશ્મનોને ખ્યાલ ન આવે. પાકિસ્તાની સૈનિકો આ જ પધ્ધતિ અપનાવી પીળા રંગના પાટલૂન પહેરી રણમોરચે લડવા જાય છે.

★ ★ ★ ★ ★

શિક્ષક : 'શાબાશ, મનિયા, દર વર્ષે આ રીતે જ પહેલાં નંબરે પાસ થજે.'

મનિયો : 'થેંક્યુ, તમે પણ પ્રશ્નપત્રો છાપવાનું કામ સારા મારા મામાના પ્રેસમાં જ આપજો.'

★ ★ ★ ★ ★

શિક્ષક : 'ટપુ કેમ મોડો આવ્યો?'

ટપુ : 'મારા નાના ભાઈને વાળ કપાવવા લઈ ગયો હતો.'

શિક્ષક : 'પણ એ કામ તો તારા બાપા પણ કરી શક્યા હોત.'

ટપુ : હા, પણ હજામ સારી રીતે કાપી શકે છે.

★ ★ ★ ★ ★

'ઉંઠ બેટા, નિશાળનો ટાઈમ થયો, હવે બૅલ વાગતાં પહેલાં નિશાળમાં પહોંચી જવાનું. એ જ સાચી શિસ્ત.'

'નહીં બા ! મારે હવે નિશાળે નથી જવું. છોકરા મારી ઠેકડી ઉડાવે છે, શિક્ષકોને પણ હું નથી ગમતો.'

'જો બેટા દરેક નિશાળમાં આવું તો ચાલ્યા કરે, અને બાવન વર્ષનો ઢગા જેવો આચાર્ય થઈને તું નિશાળે ન જાય એ કેમ ચાલે?'

# ડૉ. મહેબૂબ દેસાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧

મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વ વિદ્યાલયના ઈતિહાસ ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ, ગાંધી વિચાર અભ્યાસ કેન્દ્રના નિયામક તથા દિવ્ય ભાસ્કરની ધર્મ દર્શન પૂર્તિની કોલમ 'રાહે રોશન'ના લેખક ડૉ. મહેબૂબ દેસાઈની પસંદગી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ઈતિહાસ અને સંસ્કૃત વિભાગના પ્રોફેસર તરીકે થઈ છે. ભાવનગરના શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં છેલ્લા ત્રીસેક વર્ષોથી ડૉ. દેસાઈ સક્રિય રહ્યા છે. ભાવનગર રાજ્યના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રદાનનું સંશોધાત્મક સૌ પ્રથમવાર આલેખન કરનાર ડૉ. દેસાઈના ગ્રંથ 'ભારતની આઝાદીની લડતમાં ભાવનગર રાજ્ય પ્રજા પરિષદ અને પ્રજાકીય લડતો'ને ૧૯૯૨માં શ્રેષ્ઠ સંશોધન ગ્રંથનું પારિતોષિક ગુજરાત સાહિત્ય અકાદમીએ આપ્યું હતું.

ભાવનગર જિલ્લાને સંપૂર્ણ સાક્ષર કરવામાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું. ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામ પરના તેમના ૧૮ જેટલા ઐતિહાસિક ગ્રંથો ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામનો અભ્યાસ કરવા ઈચ્છતા સંશોધકો માટે આધારભૂત સામગ્રી પુરી પાડે છે. ભાવનગર વિશ્વ વિદ્યાલયમાં ઈતિહાસ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે તેમણે આરંભેલ પ્રવાસનના વિષયના અભ્યાસક્રમો ગુજરાતની અન્ય યુનિવર્સિટીએ પણ સ્વીકાર્યો છે. ભાવનગર યુનિવર્સિટીના ગાંધી વિચાર અભ્યાસ કેન્દ્રના નિયામક તરીકે છેલ્લા બાર વર્ષોમાં ભાવનગરને આંગણે અનેક પ્રખર ગાંધી વિચારકોના વ્યાખ્યાનો તેમણે યોજ્યા છે.

ભાવનગર જિલ્લાના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર સમાચારમાં રમઝાન માસ દરમિયાન ચાલેલ તેમની કોલમ 'શમ્મે ફરોઝા' હિંદુ અને મુસ્લિમ બંને વાચકોમાં લોકપ્રિય બની હતી. ગુજરાતના અન્ય યુનિવર્સિટીઓ પણ સ્વીકાર્યા છે. ભાવનગર યુનિવર્સિટીના ગાંધી વિચાર અભ્યાસ કેન્દ્રના નિયામક તરીકે છેલ્લા બાર વર્ષોમાં ભાવનગરને આંગણે અનેક પ્રખર ગાંધી વિચારકોના વ્યાખ્યાનો તેમણે યોજ્યા છે.

ભાવનગર જિલ્લાના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર સમાચારમાં રમઝાન માસ દરમિયાન ચાલેલ તેમની કોલમ 'શમ્મે ફરોઝા' હિંદુ અને મુસ્લિમ બંને વાંચકોમાં લોકપ્રિય બની હતી. ગુજરાતના અન્ય અખબારોએ એ પછી એ કોલમને પોતાના અખબારમાં સ્થાન આપ્યું હતું.

આવા મુલ્યનિષ્ઠ અધ્યાપક ડૉ. દેસાઈ ભાવનગર વિશ્વ વિદ્યાલયના ઈતિહાસ ભવનમાંથી ૩૧-૧૦-૨૦૧૨ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ લી, ૧ નવેમ્બર-૨૦૧૨ના રોજ ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે જોડાઈ રહ્યા છે. જે સમગ્ર ભાવનગર માટે ગર્વની બાબત છે.

# અમારો ધર્મ છો અલગ, અમારો આગવો મિત્રનો મલક

## સર્વધર્મ સમભાવનાવાળાં હંસાબેન મોદી અને અફસાનાબીબી એટલાં એકબીજાના નજીક આવ્યાં છે કે એકબીજાના ધર્મને જાણે કે પોતાનો બનાવી દીધો છે



સંબંધ સજાવે જિંદગી

**સાચા સોના સમી સખી**

- હર્ષદરાય ઉપાધ્યાય

gsrelation@yahoo.com

કહેવાય છે કે મેળો એટલે મેળાપનું સરનામું. મેળામાંથી ખોવાયેલ જીવનની ગલીઓમાં ક્યાં ભેળાં થશે તે કોઈને ખબર હોતી નથી. જન્મોજન્મના અવતારી મેળામાં ક્યારેક કોક મળે અને ગાઢ સંબંધ સ્થપાય એને કયા નામે ઓળખીશું ?

કાંઈક આવું જ બન્યું જીઇબીની શાળામાં વર્ષો પહેલાં બાળકોનાં એડમિશન માટે આવેલ અફસાનાબીબી પરમારને ક્યાં ખબર હતી કે શાળાના કોઈક સાથે અતૂટ મિત્રતાનો નાતો બાંધવા જઈ રહ્યા છે ?

શાળાનાં શિક્ષિકા હંસાબેન કાંતિલાલ મોદીના વર્ગમાં અફસાનાબીબીનાં બાળકોનો પ્રવેશ થયો. અભ્યાસ અંગે અવારનવાર બંનેને મળવાનું થયું. આ જ યોગાનંદ વિદ્યાલયમાં એક પછી એક ત્રણ બાળકોનો પ્રવેશ થયો. ધીરેધીરે વાલી અને શિક્ષિકાનો સંબંધ ઘર સુધી પહોંચવા લાગ્યો. એક હિન્દુ અને બીજા મુસલમાન પરિવારને પોતાની ઓળખ ક્યાંય વચ્ચે ન આવી અને જોતજોતામાં બંનેના પરિવારો વચ્ચે પણ સંબંધની ડોર મજબૂત બનવા લાગી.

સર્વધર્મ સમભાવનાવાળાં હંસાબેન મોદી અને અફસાનાબીબી એટલાં એકબીજાના નજીક આવ્યાં છે કે એકબીજાના ધર્મને જાણે કે પોતાનો બનાવી દીધો છે. બંને સાથે દત્તમંદિરે નિયમિત જાય છે તો બીજી તરફ દરગાહે જવાનું પણ નિયમિતપણે બંને ચૂકતા નથી. રોજા જેવા પવિત્ર ધાર્મિક પ્રસંગે હંસાબેન રોજા રાખી મુસ્લિમ પરિવારમાં રોજા ખોલે છે તો શ્રાવણ માસના શિવ તહેવારના ઉપવાસ અફસાનાબીબી રાખે છે.

સામાન્ય પરિવારમાંથી આવતાં બંને એકબીજાના ઘરનાં કામોમાં સરખે હિસ્સે ભાગ કરી કામ કરે છે. બંનેના મહત્ત્વનાં કામો પ્રસંગે બંને પોતપોતાના રામ-રહીમને માનતા માની રીઝવવા પ્રયત્ન કરે છે.

મુસ્લિમ પરિવારનાં બંને દીકરા તૌસિફ અને તાહીર માટે હંસાબેનની દીકરી મિહિષા બહેન છે. રક્ષાબંધને અચૂક બંને ભાઈઓ આ બહેન પાસે રાખડી બંધાવે છે. એથી ઉલટું, હંસાબેનના બે જોડિયા દીકરા - શિવ અને શ્યામને રેશ્મા રાખડી બાંધી બહેનનો ધર્મ નિભાવે છે.

રજાના પ્રસંગે કે તહેવાર પ્રસંગે બગીજામાં કે પિકનીક ઉપર બે બહેનપણીઓ અને તેમનાં બાળકો રમતાં, સાથે ભમતા અને જમતા નજરે પડે છે.

હંસાબેન મોદીએ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં કૉર્પોરેટર પદ માટે ઝંપલાવ્યું ત્યારે તેમના પ્રચારમાં દિવસ-રાત એક કરી અનેક માનતા-મન્નતો રાખી અફસાનાબીબી ઘરને ભૂલી ગયાં હતાં. અને જ્યારે હંસાબેન ચૂંટાયા ત્યારે ઘણા દિવસો સુધી અફસાનાબીબી બાધાઓ પુરી કરવામાં વ્યસ્ત હતાં.

બે બહેનપણીઓની કાયા જુદી હોવા છતાં અંતરનો માંહ્યલો એક છે. તન જુદાં પરંતુ મન એક છે. ધર્મ જુદાં પણ કર્મ એક છે. મઝહબ નોખાં પરંતુ મંતવ્ય એક છે.

અંતે એટલું કહી શકાય કે,

હમકે અલગ કર સકે યે જમાને મેં દમ નહીં,

હમસે હે જમાના, જમાને સે હમ નહીં